
# ગણપતિ બાપ્પા તરફથી મળતા લાઈફ લેસન્સ

**ગણેશજીનું મોટું પેટ સ્વીકૃતિ અને સંતોષનું પ્રતિનિધિત્વ કરે છે. હંમેશાં વધારે ને વધારે મેળવવાની ઈચ્છા રાખવાને બદલે જિંદગીએ આપણને જે કંઈ આપ્યું છે તેનો સ્વીકાર કરવાનું અને તેમાં સંતોષનો ભાવ રાખવાનું સૂચવે છે. સંતોષ અને સ્વીકૃતિ આપણને સાચાં સુખ અને સમૃદ્ધિ તરફ લઇ જાય છે**




૧૪ સપ્ટેમ્બર , ૨૦૨૬ ના રોજ આપણે સૌ ગણેશ ચતુર્થી ઉજવીશું. મિત્રો, આપણા દરેક તહેવારો, દરેક દેવો આપણને કંઈ ને કંઈ શીખવે છે. તેને આપણે જો વાસ્તવિક જગત સાથે જોડીએ તો જીવન જીવવા માટે નવી દિશા અને નવો રસ્તો મળે છે, સકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાય છે. આજે આપણે શ્રી ગણેશ પાસેથી ક્યાં લાઈફ લેસન્સ શીખી શકીએ તે વિષે જાણીશું.

## ખંતથી વિઘ્નો દૂર કરવા

વિઘ્નહર્તા ગણેશ આપણને શીખવે છે કે જીવનમાં વિઘ્નો તો આવવાના જ છે પરંતુ દ્રઢ મનોબળ, સખત પરિશ્રમ, ધીરજપૂર્વક સતત પ્રયત્નો કરવાથી અને પોતાના ધ્યેય પાછળ લાગેલા રહેવાથી વિઘ્નોને દૂર કરી શકાય છે.

## વિનમ્રતા કેળવો

દેવ હોવા છતાં શ્રી ગણેશ ઉંદર જેવા નાના જીવ પર સવારી કરે છે જે તેમની નમ્રતાનું સૂચન કરે છે. તમને ગમે તેટલી સફળતા મળે તો પણ તમારા પગ જમીન પર રાખો, બધા પ્રત્યે આદરભાવ રાખો.

## જ્ઞાનની કદર કરો અને શીખવા માટે તત્પર રહો

ગણેશજી જ્ઞાન અને બુદ્ધિના પ્રતીક સમાન છે. તેઓ સૂચવે છે કે જે વ્યક્તિ સતત કંઈ ને કંઈ નવું શીખતો રહે છે તેનામાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને તેના વ્યક્તિત્વનો પણ વિકાસ થાય છે.

## વધુ સાંભળો અને ઓછું બોલો

ગણેશજીના મોટા કાન અને નાના હોઠ સૂચવે છે કે આપણે ધ્યાનપૂર્વક સાંભળવું જોઈએ અને વિચારપૂર્વક બોલવું જોઈએ. જે કંઈ પણ બોલીએ તેને સમજીવિચારીને બોલવાથી વાણીનો સંયમ કેળવાય છે.

વૈવિધ્ય

## અનુકૂલન ક્ષમતા અને ફ્લેક્સીબીલીટી

ગણપતિની સૂંઢ લચક અને ક્ષમતા બંનેનું પ્રતીક છે. તે ભારેમાં ભારે વસ્તુ ઊંચકી પણ શકે છે અને નાજુક અને સંવેદનશીલ પ્રવૃત્તિ પણ કરી શકે છે. જીવનમાં વ્યક્તિ સામે વિવિધ પ્રકારની પરિસ્થિતિઓ આવે છે. મહત્ત્વનું એ છે કે વ્યક્તિ તે પરિસ્થિતિમાં કેવી રીતે વર્તે છે અને કેવો અભિગમ રાખે છે. પરિસ્થિતિને જેટલા અનુકૂળ થઈને ચાલીએ, જેટલો તેનો સ્વીકાર કરી લઈએ તેટલો તે વ્યક્તિનો વિકાસ થઈ શકે છે અને વિપરીત પરિસ્થિતિમાં પણ અડગ રહી શકે છે.

## જીવનને સંતુલિત કરો

ભગવાન ગણેશ તેમની શારીરિક મુદ્રા અને પ્રતીકાત્મક સ્વરૂપ દ્વારા જીવનમાં સંતુલન જાળવવાનું સૂચવે છે. તેમનો એક પગ જમીન પર રહે છે અને બીજો વળેલો રહે છે જે અનુક્રમે ભૌતિકવાદ અને આધ્યાત્મિકતાના સ્વસ્થ સંતુલનનું પ્રતીક છે. તે સૂચવે છે કે ભૌતિક દુનિયામાં આપણી જવાબદારીઓ નિભાવવાની સાથે સાથે આધ્યાત્મિક રીતે પણ પ્રગતિ કરવી જોઈએ. તેના સંતુલનથી માનસિક શાંતિ કેળવાય છે.

## અહમને નિયંત્રિત રાખો

ભગવાન ગણેશનું વાહન ઉંદર અહમનું પ્રતીક છે. તેનો વાહન તરીકે ઉપયોગ અહમ પર નિયંત્રણ સૂચવે છે. જીવનમાં પ્રગતિ કરવી હોય તો આપણા વિચાર અને વર્તન પર અહમને હાવી થવા દેવો નહિ. જે વ્યક્તિ અહમ પર નિયંત્રણ રાખી શકે છે તે પોતાના નિર્ણયોની લગામ પોતાના હાથમાં જ રાખી શકે છે.

## દયાળુ અને ક્ષમાશીલ બનો

ગણેશજી તેમના સૌમ્ય સ્વભાવ, બીજાની ભૂલોને માફ કરવાની વૃત્તિ અને બધા જીવો પ્રત્યે બિનશરતી પ્રેમ દ્વારા આપણને કરુણા અને ક્ષમાશીલ બનવાનું સૂચવે છે. રોષ આપણી અંદર નકારાત્મકતા જ જન્માવે છે.

## કૃતજ્ઞતા અને સંતોષ રાખો

ગણેશજીનું મોટું પેટ સ્વીકૃતિ અને સંતોષનું પ્રતિનિધિત્વ કરે છે. હંમેશાં વધારે ને વધારે મેળવવાની ઈચ્છા રાખવાને બદલે જિંદગીએ આપણને જે કંઈ આપ્યું છે તેનો સ્વીકાર કરવાનું અને તેમાં સંતોષનો ભાવ રાખવાનું સૂચવે છે. સંતોષ અને સ્વીકૃતિ આપણને સાચાં સુખ અને સમૃદ્ધિ તરફ લઈ જાય છે.